# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

CIN:U૬૫૯૧૦GJ૧૯૮૦SGC૦૦૩૯૫૭ www.gscscl.gujarat.gov.in
સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે,
ગાંધીનગર-૩૮૨૦૪૩
ટેલીફોન નંબર :-૨૩૨૨૧૦૩૭-૩૮, ફેક્સ નંબર :- (૦૭૯) ૨૩૨૨૧૦૩૦

**ટેન્ડર દસ્તાવેજ (બિન-તબદીલીપાત્ર)**

ટેન્ડર નોટીસ નં.નાપુની/૧૫૧/એલટીસી/જીલ્લા પરિવહન ઈજારો /૨૦૧૭–૧૮
તા. ૧૪–૦૨–૨૦૧૭
વર્ષ ૨૦૧૭–૧૮ માટે જીલ્લાવાર પરિવહન ઈજારા માટેનું ટેન્ડર દસ્તાવેજ
અનાજ, ખાંડ,ક ઠોળ–દાળ, ખાદ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓ

**કિંમત રૂા.૩,૦૦૦/-**

જીલ્લાનુ નામ ..........................................................

ટેન્ડરરનું નામ..........................................................

ટેન્ડર ફી ડ્રાફટ નંબર............................તારીખ..................

**મેનેજર(એલટીસી)**

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

CIN:U૬૫૯૧૦GJ૧૯૮૦SGC૦૦૩૯૫૭ www.gscscl.gujarat.gov.in
સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે,
ગાંધીનગર-૩૮૨૦૪૩
ટેલીફોન નંબર :-૨૩૨૨૧૦૩૭-૩૮, ફેકસ નંબર :- (૦૭૯) ૨૩૨૨૧૦૩૦

**ટેન્ડર દસ્તાવેજ (બિન-તબદીલીપાત્ર)**

**અનુક્રમ નંબર :-**

ટેન્ડર નોટીસ નં.નાપુની/૧૫૧/એલટીસી/જીલ્લા પરિવહન ઇજારો /૨૦૧૭–૧૮

*તા. ૧૪–૦૨–૨૦૧૭*

વર્ષ ૨૦૧૭–૧૮ માટે પરિવહન ઈજારા માટેનું ટેન્ડર દસ્તાવેજ અનાજ, ખાંડ, કઠોળ–દાળ, ખાદ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓ



| અ.નં. | વિગતો | પાના |
|---|---|---|
| ૧. | ટેન્ડર નોટીસ | |
| ૨. | વર્ષ ૨૦૧૭–૧૮ માર્ગદર્શક સુચનાઓ | |
| ૩. | વર્ષ ૨૦૧૭–૧૮ સામાન્ય શરતો | |
| ૪. | વર્ષ ૨૦૧૭–૧૮ કરારનામું | |
| ૫. | લાયકાત અંગેનું ફોર્મ અને કરારનામું | |
| ૬. | જિલ્લાવાર માલિકીની ટ્રકોની વિગત દર્શાવતું પત્રક (પરિશિષ્ટ–૧) | |
| ૭. | જિલ્લાવાર અર્નેસ્ટમની ડીપોઝીટ અને સીકયોરીટી ડીપોઝીટનું પત્રક(પરિશિષ્ટ–૨) | |
| ૮. | એફ.સી.આઈ કેન્દ્રોનીમાહિતી (પરિશિષ્ટ–૩) | |
| ૯. | આર.ટી.ઓ પ્રમાણિત ટ્રકોની માલિકીનું પત્રક | |

CIN:U65910GJ1980SGC003957 www.gscscl.gujarat.gov.in

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૪૩
ટેલીફોન નંબર :-૨૩૨૨૧૦૩૭-૩૮, ફેકસ નંબર :- (૦૭૯) ૨૩૨૨૧૦૩૦

## *ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી જિલ્લાવાર પરિવહન ઈજારા સુપ્રત કરવાની ટેન્ડર નોટીસ*

**નિગમ તારીખ.૦૧/૪/૨૦૧૭ થી ૩૧/૩/૨૦૧૮ માટે અનાજ, ખાંડ, કઠોળ-દાળ, ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓના રાજ્યના તમામ જિલ્લાના જિલ્લાવાર પરિવહનના ઈજારાઓ જીપીએસ સીસ્ટમ અને ગ્રીન ટ્રીબ્યુનલ ધારાના અમલ સાથે સુપ્રત કરવાનો ઈરાદો ધરાવે છે. આ માટે પરિવહન કામગીરીમાં રસ ધરાવતી અનુભવી પાર્ટીઓ પાસેથી ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી દરખાસ્ત કરવા આમંત્રણ આપે છે. ટેન્ડર દસ્તાવેજો તેમજ ટેન્ડર રજુ કરવા માટેની વિગતો માટે તારીખ ૦૭/૦૩/૨૦૧૭ ના સાંજે ૪.૦૦ કલાક સુધીમાં વેબસાઈટ https://www.gscsc.nprocure.com જોવા વિનંતી છે. માર્ગદર્શનની જરૂર જણાય તો નીચે સહી કરનાર મોબાઈલ નં.૯૪૨૯૮૯૯૫૨૬ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

ટેન્ડર નોટીસ નં. નાપુનિ/ ૧૫૧/એલટીસી/જિલ્લા પરિવહન ઈજારો/૨૦૧૭–૧૮

તારીખ ૧૪/૨/૨૦૧૭ મેનેજર(એલટીસી)

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

CIN:U૬૫૯૧૦GJ૧૯૮૦SGC૦૦૩૯૫૭ www.gscscl.gujarat.gov.in
સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે,
ગાંધીનગર-૩૮૨૦૪૩
ટેલીફોન નંબર :-૨૩૨૨૧૦૩૭-૩૮, ફેકસ નંબર :- (૦૭૯) ૨૩૨૨૧૦૩૦

ટેન્ડર નોટીસ નં.નાપુની/૧૫૧/અ ટીસી/જીલ્લા પરિવહન ઇજારો /૨૦૧૭–૧૮

વર્ષ ૨૦૧૭–૧૮ માટે પરિવહન ઈજારા અંગે માર્ગદર્શક સુચનાઓ

**૧.** ઈ–ટેન્ડરીંગ ''ઓન લાઈન'' ટેન્ડરીંગ માટે ટેન્ડરરોને સુચના :–

૧ નિગમ દવારા વર્ષ ૨૦૧૭–૧૮ના અનાજ ખાંડ, કઠોળ–દાળ, ખાદ્યતેલ અને અન્ય ચીજવસ્તુઓના પરિવહન કામગીરી માટે જિલ્લાવાર ઈજારાઓ સુપ્રત કરવા માટે ટેન્ડર ભરવાઇચ્છુક પાર્ટીઓ રસ ધરાવતા જિલ્લા માટે વર્ષ ૨૦૧૭–૧૮ સમયગાળાના ઈજારાની કામગીરી સુપ્રત કરવા માટેના ટેન્ડરની વિગતો તેમજ ટેન્ડર દસ્તાવેજ (ટેન્ડર ફોર્મ) તા. ૦૭/૩/૨૦૧૭ સમય ૧૬.૦૦ કલાક સુધીમાં વેબ સાઈટ https://gscsc.nprocure.com ઉપરથી ડાઉન લોડ કરી શકાશે. ટેન્ડર (કોર્મશીયલ બીડ) વેબ સાઈટ https://gscsc.nprocure.com પરથી ઓન લાઈન જ રજૂ કરવાનું રહેશે.

૨. ટેન્ડરરે ટેન્ડર (કોમર્શીયલ બીડ) ઈ ટેન્ડરીંગ પધ્ધતિ અનુસાર ''ઓન લાઈન'' જ રજૂ કરવાના રહેશે.

૩. ટેન્ડર ભરવા ઇચ્છુક ટેન્ડરરે ઓન લાઈન ટેન્ડર રજૂ કરવા માટે અત્યંત જરૂરી ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' એન કોડ સોલ્યુશન્સ, ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર્સ કંપની લી., (જી.એન.એફ.સી.) પાસેથી તેઓ દવારા નિયત દરે ખરીદવાના રહેશે. આ માટે જરૂરી સંપર્ક કરવાનું સરનામું નીચે મુજબ છે.

e procurement support
(n) **CODE SOLUTIONS**
A division of Gujarat Narmada Valley Fertilizers Company Ltd.,
૩૦૧, GNFC Info Tower, Bodakdev, Ahmedabad-૩૮૦ ૦૫૪
Ph.૦૭૯-૨૬૮૫૭૩૧૬/૧૭/૧૮, ૦૭૯-૪૦૦૭૫૦૧/૫૦૨/૫૧૫/૫૨૫
Fax-૦૭૯-૨૬૮૫૭૩૨૧

૪. ટેન્ડર ભરવામાં રસ ધરાવનાર તમામ પ્રકારના ટેન્ડરરો/ સપ્લાયરો જેવા કે, ખાનગી, ભાગીદારી પેઢી, કંપની, સહકારી મંડળી, એસ.એસ.આઈ. યુનિટ કે ગમે તે પ્રકારના હોય તે તમામ ટેન્ડરો/ સપ્લાયરોએ ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' મેળવવા આવશ્યક છે. આમ ટેન્ડર ભરવા ઈચ્છુક કોઈપણ ટેન્ડરરે ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' મેળવવું જરૂરી છે જેની ખાસ નોંધ લેવી.

૫. ઓન લાઈન ટેન્ડર પ્રક્રિયા ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' વગર શકય બનશે નહીં તેની ખાસ નોંધ લેવા તમામ ટેન્ડરરોને વિનંતી છે.

૬. ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' મેળવવા માટેની તમામ અરજીઓ જરૂરી ફી તથા દસ્તાવેજો સાથે ઇચ્છુક ટેન્ડરરો દવારા ટેન્ડર રજૂ કરવાની આખરી તારીખથી ઓછામાં ઓછા ૩ દિવસ પહેલાં એનકોડ સોલ્યુસન્સને રજૂ કરી દેવાની રહેશે.

૭. ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' મેળવવા માટેની અરજી કરવામાં નિયત સમય મર્યાદા કરતા મોડું થયેથી અથવા અન્ય કોઈપણ કારણસર જો ટેન્ડરર ટેન્ડર ભરી નહીં શકે તો તે માટે એન કોડ સોલ્યુશન કે નિગમ જવાબદાર રહેશે નહીં.

૮. ટેન્ડર ભરવા ઇચ્છુક ટેન્ડરર/ સપ્લાયર દવારા''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' મેળવવા માટે જે તે જરૂરી દસ્તાવેજ /પુરાવા એન કોડ સોલ્યુશનને રજૂ કર્યેથી અને તેઓ દવારા ટેન્ડરરે રજૂ કરેલ તમામ દસ્તાવેજોની ચકાસણી કર્યેથી જે તે ટેન્ડરરને ''ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ'' આપવામાં આવશે. ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ આપવાની સંપૂર્ણ સત્તા એન કોડ સોલ્યુશન ને હસ્તક છે.

૯. જરૂરી તમામ દસ્તાવેજોને ડીજીટલ સહીથી પ્રમાણિત કરવાના તમામ સોફટવેર ટુલ્સ એન કોડ સોલ્યુશન પાસેથી મફતમાં મેળવી શકાશે.

૧૦. ઓન લાઈન ટેન્ડર રજૂ કરવા માટે જે ટેન્ડરરો/ સપ્લાયરો પાસે સુવિધા ન હોય તેઓ ટેન્ડર ભરવામાં જરૂરી સહયોગ માટે એન કોડ સોલ્યુશનનો સંપર્ક કરી શકે છે.

૧૧. જે ટેન્ડરર/ સપ્લાયરને ઓન લાઈન ટેન્ડરીંગ માટે તાલીમની આવશ્યકતા જણાતી હોય તે ટેન્ડરરોએ એન કોડ સોલ્યુશનની કચેરીમાં કે તેઓની પોતાની કચેરી એન.કોડ સોલ્યુશનનો સંપર્ક કરી અને એન કોડ સોલ્યુશન સાથે નકકી કરાયેલ તાલીમ ફી ભરી બારોબાર તાલીમ મેળવી લેવાની રહેશે. આ માટે નિગમ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં.

૧૨. તાલીમ, સહયોગ તથા ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેટ માટેનો તમામ પત્ર વ્યવહાર મુધ્દા નં.૩ માં જણાવ્યા મુજબના સરનામા પર બારોબાર એન કોડ સોલ્યુશનને કરવાનો રહેશે.

૧૩ એન કોડ સોલ્યુશન ધ્વારા તાલીમ તથા સહયોગની કામગીરી કામકાજના દિવસો દરમ્યાન ૧૧.૦૦ કલાકથી ૧૭.૩૦ કલાક સુધી આપવામાં આવશે.

૧૪. તમામ ટેન્ડરરોએ ''કોમર્શીયલ બીડ/ પ્રાઈઝબીડ'' વેબ સાઈટ https://gscsc.nprocure.com પરથી ઓન લાઈન જ રજૂ કરવાના રહેશે અને કોઈપણ સંજોગોમાં કોઈપણ રીતે કોઈપણ કાગળો કે પત્રક, ઈ મેઈલ, ફેકસ કે બંધ કવરમાં આપી શકાશે નહીં તેની ખાસ નોંધ લેવા વિનંતી.

૧૫. પ્રસ્તુત ટેન્ડર અન્વયે ચુકવવાની થતી ટેન્ડર ડોકયુમેન્ટ ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ''ઓફ લાઈન'' એટલે કે ટેન્ડરની નિયત સમય મર્યાદામાં ટેકનીકલ બીડ સાથે રજુકરવાનીરહેશે.

૧૬. જે તે જિલ્લા માટેના પ્રત્યકે ટેન્ડર દસ્તાવેજની ફી રુા.૩૦૦૦/– (અંકે રુપિયા ત્રણ હજાર) તથા ટેન્ડરમાં નિયત કરેલ અર્નેસ્ટમની ડીપોઝીટ (ઈ.એમ.ડીની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની /રાષ્ટ્રીય કક્ષાએ નામાંકિત ખાનગી ક્ષેત્રની આઈ.સી.આઈ.સી.આઈ /એચ.ડી.એફ.સી/એકસીસ/ યશ /સીટી બેંક/કોટક મહેન્દ્રા બંકે /શ્રી રત્નાકર બેંક લી.,/ઈન્ડસઈન બેંક /કરૂર વૈશ્ય બેંક/ડી.સી.બી બેંક/ફેડરલ બેંક/સાઉથ ઈન્ડીયન બેંક/ સહકારી અને ગ્રામિણ બેંકો જેવી કે, ધી કાલપુર કોમર્સીયલ કો.ઓપ.બેંક /રાજકોટ નાગરિક સહકારી બેંક/ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓપ.બેંક/ ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેંક/ નૂતન નાગરિક સહકારી બેંક અને દેના ગુજરાત ગ્રામિણ બેંકની અમદાવાદ/ગાંધીનગર શાખા ઉપરનો **" ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ "** ની તરફેણમાં એકાઉન્ટ પે /ડીમાન્ડ ડ્રાફટ/ પે–ઓર્ડર અલાયદા કવરમાં મુકી ટેન્ડર રજૂ કરવાની નિયત સમય–મર્યાદામાં ટેકનીકલ બીડ સાથે રજુ કરવાના રહેશે.

## ૨.ટેન્ડર ફોર્મ રજૂ કરવા અંગે

**ટેકનીકલ બીડ**

ટેકનીકલ બીડ સાથે નીચે જણાવેલ જરુરી અન્ય તમામ દસ્તાવેજો જે તે ટેન્ડરવાર અલગ અલગ બંધ કવરમાં રજૂ કરવાના રહેશે.

૨.૧. ટેન્ડરર પેઢીનું આવકવેરા વિભાગ ધ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબરની સર્ટીફિકેટની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી / નોટરી/ સરકારી શાખા /કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ જો આવકવેરા કાયમી ખાતા નંબર રજુ કરવામાં ન આવે તો આવો નંબર મેળવવા માટેની નિયત નમુનામાં અરજી કરી હોય તેની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી / નોટરી/ સરકારી શાળા / કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ જોડવાની રહેશ.

૨.૨. ટેન્ડરર પેઢીનું રીજીયોનલ પ્રોવીડન્ટ ફંડ કચેરી ધ્વારા આપવામાં આવેલા તારીખ ૧/૨/૨૦૧૭ અથવા તે પહેલાની તારીખના પી.એફ કોડ નંબરની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી/ નોટરી / સરકારી શાખા / કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કરાયેલા સહી–સિકકા સાથેના પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

૨.૩ ટેન્ડરર જો ભાગીદાર પેઢી હોય તો તારીખ ૧/૨/૨૦૧૫ અથવા તે પહેલાની તારીખના ભાગીદાર દસ્તાવેજની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી/ નોટરી / સરકારી શાળા /કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ તથા પાવર ઓફ એટર્નીના નોટરાઈઝડ દસ્તાવેજની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી /નોટરી / સરકારી શાળા/કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

ટેન્ડરર જો કંપની કાયદા હેઠળ અથવા સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલી હોય તો તેની નોંધણી તારીખ ૧/૨/૨૦૧૫ કે તે પહેલાની હોવી જોઈએ તે બાબતના દસ્તાવેજી પુરાવા તેમજ બધારણની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી / નોટરી / સરકારી શાળા /કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ આ કિસ્સામાં પણ પાવર ઓફ એટર્નીની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય અને ટેન્ડર ફોર્મ સાથે ભાગીદારી દસ્તાવેજ તારીખ ૧/૨/૨૦૧૫ બાદનો રજુ કરવામાં આવ્યો હોય તો આ પેઢી તારીખ ૧/૨/૨૦૧૫ પહેલાથી કાર્યરત છે તે દર્શાવવા ટેન્ડરર ધ્વારા તારીખ ૧/૨/૨૦૧૫ પહેલાની તુરતની તારીખનો તે જ પેઢીનો જૂનો ભાગીદારી દસ્તાવેજ રજૂ કરેલ હશે તો ટેન્ડરર પેઢી ધ્વારા આ શરત પરિપૂર્ણ કરવામાં આવેલ છે તેવું ગણવામાં આવશે.

૨.૪. ટેન્ડરર પોતાની અગર પબ્લિક કંપની/ કંપની પ્રા.લિ./ ભાગીદારી પેઢી/ સહકારી મંડળીની માલિકીની/ ભાગીદારો/ સહકારી મંડળીના સભાસદોની માલિકીની ઓછામાં ઓછી પ્રત્યેક જિલ્લાદીઠ અલગ અલગ ટેન્ડર માટે દરેક ટેન્ડરર પાસે ઓછામાં ઓછા પરિશિષ્ટ–૧ મુજબ માલિકીના વાહનો હોવા જોઈએ. ટેન્ડરર પોતાની અગર કંપની માલિકીની/ ભાગીદારી પેઢી/સહકારી મંડળીની માલિકીની/ ભાગીદારો/ કંપનીના ડાયરેકટરો/ સહકારી મંડળીના સભાસદોની માલિકીની ઓછામાં ઓછી અલગ અલગ અને પ્રત્યેક ટેન્ડર માટે જરૂરી જિલ્લાવાર પરિશિષ્ટ–૧ મુજબ દર્શાવેલ ટ્રકોની પાર્ટીઓ ધ્વારા આપવામાં આવેલ આર.સી બુકની કેન્દ્ર/ રાજય સરકારના ગેઝેટેડ અધિકારી / નોટરી / સરકારી શાળા /કોલેજના આચાર્ય ધ્વારા કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.આ તમામ વાહનો મોટા હોવા જોઈએ.મોટા વાહનની

આર.ટી.ઓ રજીસ્ટ્રેશન મુજબ પે–લોડની લઘુત્તમ મર્યાદા ૮.૯ મે.ટન (૮૯૦૦ કિ.ગ્રા ) કે તેથી વધુ હોય અને ઓપન /કલોઝ બોક્ષ કે ગુડઝ બોડી ટાઈપ વાહન હોય તે જરુરી છે.

આવા વાહનોનો માલિકી હકક ( આરટીઓ કચેરીના રેકર્ડ મુજબનો માલિકી હકક ) તારીખ ૦૭/૩/૨૦૧૭ ( ટેન્ડર નોટીસની ટેકનીકલ બીડ /કોમર્સીયલ બીડ ભરવાની છેલ્લી તારીખ ) કે તે પહેલાના સમયથી ધરાવતા હોવા જોઈએ.

ટેન્ડરરે જે જે જિલ્લા માટે ટેન્ડર ભરેલ હોય તેવા જિલ્લાના પ્રત્યેક ટેન્ડર માટે અલગ અલગ વાહનો દર્શાવવાના રહે છે. પરંતુ એક જિલ્લા માટે દર્શાવવામાં આવેલ ટ્રકો / વાહનો અન્ય જગ્યાએ કોન્ટ્રાકટમાં તેમજ અન્ય જિલ્લાના ટેન્ડરમાં દર્શાવેલ ન હોવા જોઈએ. દરેક ટેન્ડર માટે દરેક ટ્રકો / વાહનોના ઉપર મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહે છે ઉપર દર્શાવેલ ટ્રકો/વાહનની વિગત દર્શાવતું પત્રક આર.ટી.ઓ. ઈન્સ્પેકટર પાસે કરાવી, સહી–સિકકા કરાવી રજુ કરવાનું રહેશે.

૨.૫ આ વાહનો ચાલું હાલતમાં છે તેવું આર.ટી.ઓ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ અધ્યતન ફીટનેશ વેલીડીટીનું સર્ટીફિકેટની કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ અધિકારી /નોટરી/ સરકારી શાળા/કોલેજના આચાર્ય ધ્વારા પ્રમાણિત કર્યાના સહી–સિકકા સાથેની પ્રમાણિત નકલ. આવા વાહનોના માલિકી ટેન્ડરર તારીખ ૦૭/૩/૨૦૧૭ (ટેન્ડર નોટીસની ટેકનીકલ / કોમર્સીયલ બીડ ભરવાની છેલ્લી તારીખ ) કેતે પહેલાના સમયથી ધરાવતા હોવા જોઈએ.

૨.૬ ઈજારદારે નિગમની પરિવહન કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવતા તમામ વાહનો પર તેમના પોતાના ખર્ચે જીપીએસ સીસ્ટમ (GLOBAL POSITIONINGSYSTEM) લગાવાવની રહેશે જેમાં ડીવાઈસ ખરીદીઅને તેનાં નિભાવ ખર્ચ સહિતની તમામ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

વર્ષ ૨૦૧૭–૧૮ માટે પરિવહન ઈજારા સુપ્રત કર્યા તારીખ ૧/૪/૨૦૧૭ થી " નિગમ ધ્વારા જીપીએસની જે સીસ્ટમ નિયત કરી જણાવવામાં આવે તેજ સીસ્ટમ અવશ્યપણે / અચૂકપણે ઈજારદારે પોતાના ઉપયોગમાં લેવાતા તમામ વાહનોમાં લગાડવાની રહેશે. પરિવહન ઈજારદારની પોતાની અન્ય સસ્થાની લગાડેલ જીપીએસ સીસ્ટમ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી." તેમજ આ બાબતે ઈજારદાર ધ્વારા પરિવહન દરમ્યાન ઉપયોગમાં લેવાતી કોઈપણ ટ્રકમા જો નિગમે નિયત કરેલ જીપીએસ સીસ્ટમ લગાવેલ ન હોય તો પ્રતિ દિન ,પ્રતિ ટ્રક રુા.૫૦૦/ના દંડની વસુલાત બાબતની જોગવાઈ યથાવત રાખવાનું સમિતિ ધ્વારા ઠરાવવામાં આવેલ છે.

૨.૭ ગ્રીન ટ્રીબ્યુનલ ધારા–૨૦૧૦ અન્વયે કરવાની થતી અમલવારી પરિવહન ઈજારદારો ધ્વારા કરવાની રહેશે. ગ્રીન ટ્રીબ્યુનલ તેમજ પરિવહનને લગતા અન્ય તમામ કાયદાઓનું પાલન / અમલવારી સંપૂર્ણપણે ઈજારદારે કરવાની રહેશે.

૨.૮ ટેન્ડરર પરિવહન કામગીરીનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.અનુભવના જરુરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો જોડવાની રહેશે.

૨.૯ ઉપર મુજબ દરેક કે ગોડાઉન માટે જરુરી ટ્રકો /વાહનની વિગત દર્શાવતું પત્રક આર.ટી.ઓ ઈન્સ્પેકટર પાસે ખરાઈકરાવી,સહી–સિકકા કરાવી રજુ કરવાનું રહેશે.

૨.૧૦ માઈક્રો,સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ એકટ–૨૦૦૬ કાયદા હેઠળ જો વેપારી / પાર્ટી /પેઢી કે કંપની રજીસ્ટર થયેલ ન હોય તો તે મુજબ જે તે ટેન્ડરરે આ કાયદા હેઠળ નોંધાયેલ નથી તેવું લખાણ રજુ કરવાનું રહેશે. આ કાયદા રજીસ્ટર થયેલ હોય તો રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

ઉપર જે નકલોનો ઉલ્લેખ છે તે તમામ નકલોના દસ્તાવેજોની મુળ નકલ ટેન્ડર ખોલતી વખતે ચકાસણીના હેતુસર અચૂક રજૂ કરવાની રહેશ. આ ઉપરાંત વાટાઘાટો વખતે તથા કોર્પોરેશન જણાવે ત્યારે પણ રજુ કરવાની રહેશે.

૨.૧૧ ટેન્ડર રજૂ કરવામાં આવે ત્યારે નિયત ટેન્ડર ફી ,અર્નેસ્ટમની ડીપોઝીટનો ડ્રાફટ/ પે–ઓર્ડર તથા વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરાયેલ ટેન્ડર દસ્તાવેજના તમામ પાના ઉપર ટેન્ડરની તમામ શરતો અને બોલીઓની સ્વીકૃતી રૂપે સહી–સિકકા કરેલ ટેન્ડર દસ્તાવેજ (કોમર્સીયલ બીડ વગર) તેમજ ઉપર જણાવ્યા મુજબના તમામ પ્રમાણિત દસ્તાવેજો અલગ સીલબંધ કવરમાં બંધ કરીને કવર ઉપર લાલ **શાહીથી.............જિલ્લાના વર્ષ ૨૦૧૭–૧૮ ના પરિવહન ઈજારા માટેનું ટેકનીકલ બીડ એમ સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનું રહેશે** અને તા.૦૭/૩/૨૦૧૭ નાં રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં નિગમની વડકીચેરીની એલ.ટી.સી શાખા,ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ ટેન્ડર બોક્ષમાં નિર્ધારીત સમય સુધીમાં પહોંચતા કરવાના રહેશે. ટેન્ડર બોક્ષ સિવાય મળેલ કે, નિર્ધારીત સમય બાદ મળેલ ટેન્ડર બીડ માન્ય ગણવામાં આવશે નહી.

૨.૧૨ ટેન્ડર દસ્તાવેજ (કોમર્સીયલ બીડ વગર) ના દરેક પાના ઉપર ટેન્ડરરે ટૂંકી સહી કરવાની રહેશે અને આ સહી, ટેન્ડરર કઈ હેસિયતથી કરે છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૨.૧૩ કોઈપણ જાતના શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી અને આવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે.

૨.૧૪ નિયત ટેન્ડર ફીતથા નિયત અર્નેસ્ટમની ડીપોઝીટનો જરુરી ડ્રાફટ/ પે–ઓર્ડર,ટેકનીકલ બીડમાં અચૂક રજૂ કરવાનો રહેશે. ટેન્ડર ડીપોઝીટ સિવાયના ટેન્ડરો રદ થવાને પાત્ર ગણાશે. કોર્પોરેશન પાસે બાકી નીકળતી કોઈપણ લેણાની રકમ ટેન્ડર ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૨.૧૫ જો કોઈપણ ટેન્ડરર ધ્વારા ટેકનીકલ બીડ જરૂરી ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટનો ડ્રાફટ/ પે ઓર્ડર સિવાય રજુ કરવામાં આવશે તો તે ટેન્ડરર પેઢી, ટેન્ડરર પેઢીના માલિક, ટેન્ડરર પેઢીના ભાગીદારો તેમજ ટેન્ડરર કંપની હોય તો આ કંપની અને કંપનીના ડાયરેકટરોને વર્ષ ૨૦૧૭–૧૮ માટે પરિવહન ઈજારા સુપ્રત કરવાની આખી ટેન્ડર પ્રક્રિયામાંથી તમામે તમામ જિલ્લા માટે ગેરલાયક ઠેરવવાનો નિગમને અધિકાર રહેશે. આવા ટેન્ડરર/ પેઢી, પેઢીના માલિક તથા તે પેઢીના ભાગીદારોને નિગમ સાથેના પરિવહન ઈજારાની કામગીરીના ઈજારા સુપ્રત કરવા માટેની કામગીરી માટે બ્લેક લીસ્ટ કરવા માટે પણ નિગમ વિચારણામાં લઈ શકશે.

૨.૧૬ જે તે જીલ્લા કે ગોડાઉનમાં વ્યકિત/ પેઢીની તરફેણમાં વ્યાજબી ભાવની દુકાન ચલાવવા માટે મંજુરી આપવામાં આવી હશે તેવી વ્યકિત/ પેઢી કે પેઢીના કોઈપણ ભાગીદારના નામે તે ગોડાઉન માટેનો પરિવહન ઈજારો મંજુર થઈ શકશે નહિ. જે વ્યકિત દવારા

પરિવહન કામનાં ઈજારા માટેનું ટેન્ડર ફોર્મ ભરવામાં આવ્યું હોય તે વ્યકિત, સહકારી મંડળી દવારા ચલાવવામાં આવતી વ્યાજબી ભાવની દુકાનનાં કોઇ હોદેદાર હોવી જોઇએ નહી. પરિવહન કામનો ઈજારો મંજુર થયા બાદ પણ આ હકિકત નિગમના ધ્યાને આવશે તો આ જોગવાઇનો ભંગ થવા બદલ મંજુર થયેલ ઈજારો રદ કરવામાં આવશે.

૨.૧૭ જે ઈજારદારને ભૂતકાળમાં રાજય સરકાર/ કેન્દ્ર સરકારના વિભાગો અને અન્ય જાહેર સાહસો ધ્વારા બ્લેકલીસ્ટ/ ડીબાર્ડ કરવામાં આવ્યા છે તેમને તથા આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર/ ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર/ ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢીને પરિવહનની કામગીરી સૂપ્રત કરવામાં આવશે નહીં.

૨.૧૮ છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭) ઈજારદારને રાજય /કેન્દ્ર સરકારના વિભાગો અને જાહેર સાહસો ધ્વારા ઈજારાની મુદત પુરી થયા પહેલા ટર્મીનેટ કરવામાં આવ્યા હોય અથવા તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ કે સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવેલ હોય તો આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર / ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર / ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢી ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહી.

૨.૧૯ છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭) ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર /ડીરેકટરને કોર્ટ ધ્વારા દોષિત ઠેરવી ત્રણ વર્ષ કે તેથી વધારે સજા થયેલ હોય તો તેઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહી.

૨.૨૦ ઈજારદર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર /ડીરેકટર ભૂતકાળમાં ઉપર જણાવ્યા પ્રમાણે બ્લેકલીસ્ટ /ડીબાર્ડ કરવામાં આવેલ હોય અને ટેન્ડરની તારીખે તેનો અમલ ચાલું હોય તો આવા કિસ્સામાં તેઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહી.

૨.૨૧ ટેન્ડરરને કામગીરી સોંપતા પહેલા ઉપરોકત તમામ બાબતોએ જરુરી ચકાસણી કરવામાં આવશે,તેમજ તેની ભૂતકાળની કામગીરી પણ ચકાસવામાં આવશેઅને રજુ કરવામાં આવેલી વિગતો ખોટી જણાશે તો આ જોગવાઈનો ભંગ થવા બદલ મંજૂર થયેલ ઈજારો રદ કરવામાં આવશે.

**<u>કોમર્સીયલ બીડ</u>**

૩. ટેન્ડરરે કોમર્સીયલ બીડ તા. ૦૭/૩/૨૦૧૭ અને સમય ૧૬.૦૦ કલાક સુધીમાં ઈ.ટેન્ડરીગ પધ્ધતિ અનુસાર " ઓન લાઈન "જ રજૂ કરવાના રહેશે. ઈ.ટેન્ડરીગ પધ્ધતિથી ઓન લાઈન ભાવો કોઈપણ કારણોસર ટેન્ડરર ભરી શકશે નહી તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહીં.

**<u>અર્નેસ્ટમની ડીપોઝીટ</u>**

૩.૧ સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા માટે પરિશિષ્ટ–ર મુજબની રકમનો ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેંકની /રાષ્ટ્રીય કક્ષાએ નામાંકિત ખાનગી ક્ષેત્રની આઈ.સી.આઈ.સી.આઈ /એચ.ડી.એફ.સી/એકસીસ/ યશ /સીટી બેંક/કોટક મહેન્દ્રા બંકે /શ્રી રત્નાકર બેંક લી.,/ઈન્ડસઈન બેંક /કરૂર વૈશ્ય બેંક/ડી.સી.બી બેંક/ફેડરલ બેંક/સાઉથ ઈન્ડીયન બેંક/ સહકારી

અને ગ્રામિણ બેંકો જેવી કે, ધી કાલપુર કોમર્સીયલ કો.ઓપ.બેંક /રાજકોટ નાગરિક સહકારી બેંક/ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો.ઓપ.બેંક/ ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેંક/ નૂતન નાગરિક સહકારી બેંક અને દેના ગુજરાત ગ્રામિણ બેંકની અમદાવાદ/ગાંધીનગર શાખા ઉપરનો **" ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ "** નામનો ડીમાન્ડ ડ્રાફટ/પે–ઓર્ડર બીડવાનો રહેશે અન્ય કોઈ રીતે જમા કરાવેલ અર્નેસ્ટમની ડીપોઝીટ માન્ય રાખવામાં આવશે નહી.

૩.૨ ટેન્ડર રજૂ કરતાં પહેલા ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફટ /પે–ઓર્ડર આપવામાં ન આવ્યો હોય તેવા ટેન્ડર રદ થવાને પાત્ર ગણાશે. કોર્પોરેશન પાસે બાકી નીકળતી કોઈપણ લેણાની રકમ ટેન્ડર ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૩.૩. કોઈપણ ટેન્ડરર તેમનું ટેન્ડર નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું ટેન્ડર ન ખોલવાની કે પરત લેવા માટેની તેમની લેખિત /મૌખિક રજુઆત માન્ય રાખવામાં આવશે નહી તેમજ જેટલા ટેન્ડર ભરીને આવ્યા હોય તે તમામ નિયમાનુસારના ટેન્ડરો, ટેન્ડર ખોલવાની નિયત તારીખે ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૩.૪ ટેન્ડર ખોલ્યા બાદ કોઈ ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી લઈ શકશે નહી. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આવા ટેન્ડરરને ભવિષ્યમાં ઈજારા માટે ગેરલાયક ગણવામાં આવશે.

૩.૫ જે ટેન્ડરરના ભાવ સ્વીકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર એલ.૧ સિવાયના અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે,જેમના ભાવો સ્વીકારવામાં આવ્યા છે તેવા ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ તે ટેન્ડરર જરુરી સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.

૩.૬ જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ–૭ માં જરુરી સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમુનામાં કરારનામું જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૧) અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/સીટી મેનેજરશ્રી સાથે કરવાનું રહેશે. સાત દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા દિવસ સુધી પ્રતિ દિન રુા.૨૦૦૦/ (અંકે રુા.બે હજાર )નો દંડ કરવામાં આવશે. આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમય–મર્યાદા ઉપરાંત (૭) સાત દિવસ સુધી જ મળવાપાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહી. આ રીતે આપેલ સમય–મર્યાદામા જરુરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહી કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે અને તેનાં ખર્ચે અને જોખમે કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## ૪: <u>ટેન્ડરના ભાવો</u>

ટેન્ડરરોએ ઈજારાની નીચે મુજબની કામગીરી માટેના દરો (કોમર્સીયલ બીડ ) ઈ.ટેન્ડરીગ પધ્ધતિથી જ નિયત નમુનામાં દરખાસ્ત કરવાના રહેશે.ઈ.ટેન્ડરીગ પધ્ધતિથી ઓન લાઈન ભાવો કોઈપણ કારણસર ટેન્ડરર ભરી શકશે નહી તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહી.

## (અ) પરિવહન માટેના દર

ભારતીય ખાધ્ય નિગમ કોઈપણ ડેપોથી ફાળવણી કરાયેલ અનાજ તેમજ અન્ય ચીજવસ્તુઓના જથ્થાના તથા ભારતીય ખાધ્ય નિગમ સિવાય ગુજરાત રાજયમાં આવેલ કોઈપણ સ્થળેથી એટલે કે, કોર્પોરેશન હસ્તકના ગોદામો,બંદરો,રાઈસ મીલ,ફલોર મીલ,રેલ્વે સ્ટેશન અને ખરીદ કેન્દ્રો અથવા કોર્પોરેશન જણાવે તે સ્થળોએથી અનાજ તથા અન્ય ચીજવસ્તુઓ લાવવા અગર લઈ જવાની પરિવહન કામગીરી માટે પરિવહન દર પ્રતિ ટન,પ્રતિ કિ.મી માટે ઓન લાઈન દરખાસ્ત કરવાના રહેશે.

| અ.ન | **કામગીરીનો સ્લેબ** | **પ્રતિ ટન પ્રતિ કી.મી.**ના ભાવ (તમામ ટેક્ષ સાથે) | |
|---|---|---|---|
| | | રૂા. પૈસા | શબ્દોમાં |
| ૧: | ૦ કી.મી. થી ૧૦ કી.મી. | | |
| ૨: | ૦ કી.મી. થી ૨૫ કી.મી. | | |
| ૩: | ૦ કી.મી. થી ૫૦ કી.મી. | | |
| ૪: | ૦ કી.મી. થી ૧૦૦ કી.મી. | | |
| ૫: | ૦ કી.મી. થી ૨૦૦ કી.મી. | | |
| ૬: | ૦ કી.મી. થી ૩૫૦ કી.મી. | | |
| ૭. | ૦ કી.મી.થી ૩૫૦ કી.મી. ઉપર | | |

સુરત જીલ્લાના નવાગામ ગોડાઉન માટે ઉપરોકત સ્લેબ ઉપરાંત સ્થાનિક કામગીરીના ભાવોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

**૪.૧** ટેન્ડરરે તેમના પરિવહન માટેના ભાવો એક ટન, એક કિ.મી દીઠ આપવાના રહેશે. મજૂરી કામના ભાવો આઈટમવાઈઝ એક ટનના આપવાના રહેશે. સિવાય કે સ્પષ્ટપણે ટેન્ડરમાં અન્ય રીતે માંગવામાં આવેલ હોય.

**૪:૨** એક ટન એક કી.મી. ના ભાવ એટલે કે એક ટન જેટલા વજન સાથે ટ્રકે તે એક કી.મી. સુધી લઈ જવાના ભાવો ગણાશે. ખાલી ટ્રક ફેરા માટે કોઈ ચુકવણી કરવામાં આવશે નહીં. વળતા ફેરામાં અનાજ વિગેરે વહન કરવા માટે કોર્પોરેશન જણાવે તો તે માટે કરારમાં નકકી કરવામાં આવેલા દરથી અડધા દરે ચુકવવામાં આવશે.

**૪:૩** એફ.સી.આઈ, અન્ય ખરીદ કેન્દ્રો, ફલોર મીલ પરથી તાલુકા ગોડાઉન અને અન્ય કેન્દ્રો ના પરિવહન માટે પાંચ ટનથી ઓછા વજનના પરિવહન માટે અડધા ટ્રક લોડથી તથા પાંચ ટનથી વધુ વજનના પરિવહન માટે પૂરા ટ્રક લોડથી ચુકવણું કરવામાં આવશે. ટ્રક લોડ ૧૦ મે.ટન જથ્થાનો ગણવામાં આવશે. આ જોગવાઈ કઠોળ તથા ટીન/ પાઉચમાં પેક કરવામાં આવેલ ખાદ્યતેલના પરિવહનને જ લાગુ પડશે.

**૫:** **ટેન્ડર ખોલવા અંગે :**

**૫.૧** નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ ટેકનીકલ બીડ તથા કોમર્શીયલ બીડ નીચે દર્શાવેલ સમય સુચિ મુજબ નિગમની વડી કચેરીમાં નિયુકત કરેલ કમિટી સમક્ષ હાજર રહેલા ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. રસ ધરાવતા ટેન્ડરરો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહેવાની ઈચ્છા ધરાવતા હોય તો હાજર રહી શકશે. આ નિયત તારીખે જો કોઈપણ કારણસર રજા જાહેર કરવામાં આવે તો તે પછીના કામકાજના દિવસે પરંતુ પૂર્વ નિર્ધારિત સમયે ટેન્ડર ખોલવામાં આવશે. જો કોઈપણ ટેન્ડરર/ તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર રહેશે નહીં તો કોર્પોરેશનના અધિકૃત અધિકારીશ્રી રોજકામમાં યોગ્ય નોંધ લઈ તેમના ટેકનીકલ તથા કોમર્શીયલ બીડ ખોલશે અને નોંધ લેશે, તે જે તે ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

નિયત નમૂનામાં મળેલ ન હોય તેવા અને જરુરી ડોકયુમેન્ટ જોડલ ન હોય તેમજ જરુરી

યોગયતા ધરાવતા ન હોય તેવા ટેન્ડર રદ ગણાશે. જે ટેન્ડરર ધ્વારા તેઓના ટેકનીકલ બીડ નિયમ અનુસાર ભરેલ હશે તે જ ટેન્ડરરોના ઈ–ટેન્ડરીગ પધ્ધતિથી ભરાયેલ કોમર્સીયલ બીડ ખોલવામા આવશે.

૫.૨ ટેકનીકલ બીડ તા. ૦૮/૦૩/૨૦૧૭ ના રોજ ૧૧.૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેકનીકલ બીડ યોગ્ય અને બરાબર જણાશે તો કોમર્સીયલ બીડ શકય હશે તો તા.૦૮/૦૩/૨૦૧૭ નાં રોજ અન્યથા ત્યારબાદ ખોલવામાં આવશે.

**૬: ટેન્ડરના ભાવ અંગે સમય મર્યાદા :**

૧. ટેન્ડરમાં આપેલા ભાવો ટેન્ડર ખોલ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસ સુધી અમલી ગણાશે અને આ સમય દરમયાન ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી શકશે નહીં, સમયના અર્થઘટન અંગે ઈન્ડીયન લીમીટેશન એકટની જોગવાઈઓ લાગું પડશે.

**૭: ટેન્ડરના ભાવો અંગે વિચારણા :**

૭:૧ છેલ્લા ત્રણ વર્ષ (૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭) ના અંદાજીત પરિવહન ખર્ચના આધારે જિલ્લાવાર અલગ અલગ એલ.૧ નકકી કરવામાં આવશે,જેમાં વર્ષવાઈઝ વેઈટેજ આપી સ્લેબવાઈઝ સરેરાશ ખર્ચ અને વેઈટજની ગણતરી કરવામાં આવશે,જે મુજબ સ્લેબવાઈઝ સરેરાશ વેઈટેજને ટન્ડરરોના દરખાસ્ત ભાવોથી ગુણવત્તા સંભવિત ખર્ચ નકકી કરવામાં આવશે અને કુલ સંભવિત ખર્ચ જિલ્લાવારના જે એલ.૧ ટેન્ડરરના ખર્ચ ઓછો જણાય તેને આખરી એલ.૧ ગણવામાં આવશે અને જિલ્લાવારના આવા એલ.૧ ટેન્ડરર સાથે જરુર જણાયે ભાવ ઘટાડા માટે વાટાઘાટ કરી આખરી નિર્ણય લેવા વિચારણા કરવામાં આવશે.

**૮: ટેન્ડરની સ્વિકૃતિ :**

**૮:૧** ટેન્ડરમાં આવેલ ભાવો મંજુર કર્યા અંગેની લેખિત જાણ જે તે ટેન્ડરરને કરવામાં આવશે. આવી જાણ સામાન્ય રીતે હાથોહાથ, આરપીએડી/ યુપીસી/ ટપાલ ધ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.

**૮:૨** કોઈપણ ટેન્ડર પુરેપુરું સ્વિકારવું અગર તો કામગીરીના સ્લેબ મુજબ એકથી વધુ ટેન્ડરના ભાવો માન્ય રાખવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે, અને આ રીતે મંજુર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**૮:૩** શકય હશે ત્યાં સુધી એક ટેન્ડરરના ભાવો મંજુર કરવા પ્રયત્ન કરવામાં આવશે, છતાં કોર્પોરેશનને યોગ્ય લાગે તો અલગ અલગ કામગીરી માટે તેમજ કામગીરીના સ્લેબવાર એક કરતાં વધારે કોન્ટ્રાકટરની નિમણૂંક કરી શકશે, અને તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**૮:૪** કોઈપણ ટેન્ડર સ્વીકારવું અગર તો તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કોર્પોરેશનને અબાધિત હકક રહેશે. આમાં સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહીં તેનો પણ સમાવેશ થાય છે.

૮.૫ કોર્પોરેશનને જરુર પડે ત્યારે રજૂ કરેલ છે તે સિવાયના અન્ય જે કોઈ દસ્તાવેજો માંગવામાં આવે તો માંગ્યા તારીખથી દિન.૩(ત્રણ) માં રજૂ કરવાના રહેશે,જેમા નિષ્ફળ જનાર ટેન્ડર રદ કરવાનો કોર્પોરેશનને અધિકાર રહેશે.

**તા. / /૨૦૧૭** **ટેન્ડરરની સહી અને સિકકો**

**– : ૨૦૧૭–૧૮ વર્ષના પરિવહન ઈજારાની સામાન્ય શરતો : -**

| | | |
|---|---|---|
| **૧: વ્યાખ્યા** (ક) **કોર્પોરેશન/ નિગમ** | ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લીમીટેડ |
| (ખ) **ટેન્ડરર/કોન્ટ્રાકટર** | ટેન્ડર નોટિસના સંદર્ભમાં ટેન્ડર ભરનાર આસામી અથવા કંપની, સહકારી મંડળી ટેન્ડરર ગણાશે, જે ટેન્ડરરના ભાવો માન્ય રાખવામાં આવશે, તે કોન્ટ્રાકટર ગણાશે. |
| (ગ) **કરાર** | આ સાથે સામેલ કરેલા પરિશિષ્ટ મુજબની કોર્પોરેશન અને કોન્ટ્રાકટરે સહી કરેલો દસ્તાવેજ, જેમાં ટેન્ડર નોટિસ, ટેન્ડર માટેના માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતોનો સમાવેશ થશે. |
| (ઘ) **ચીજવસ્તુઓ** | કોર્પોરેશન ધ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા તેમજ રાજય તેમજ કેન્દ્ર સરકાર ધ્વારા સંચાલિત વિવિધ યોજનાઓ માટે તેમજ અન્ય વ્યાપારિક પ્રવૃતિઓ માટે પરિવહન કરવામાં આવતી તમામ ચીજ વસ્તુઓનો સમાવેશ થશે. |

૨. એફ.સી.આઈ કેન્દ્રોની વિગત સામેલ પરિશિષ્ટ–૩ માં આપવામાં આવેલ છે. જિલ્લાવાર અથવા જિલ્લામાં આવેલ તમામ ગોડાઉનો માટે પરિવહનની કામગીરી માટે એકજ ઈજારા આપવામાં આવશે. નવા ગોડાઉન કેન્દ્રો ખોલવામાં આવે અથવા જિલ્લાની પુનઃ રચનાનો અમલ થાય ત્યારે તે મુજબ ગોડાઉનોને સંબંધિત જિલ્લા સાથે જોડવામાં આવશે. હાલ નવરચિત ૭ જિલ્લા પૈકી ૬ જિલ્લા જે તે મુળ જિલ્લા સાથે જોડવામાં આવેલ છે. નવરચિત જિલ્લામાં જે તાલુકાનો સમાવેશ થયેલ છે તે તાલુકાઓની પરિવહન કામગીરી જે જિલ્લા સાથે જોડવામાં આવેલ છે તે જિલ્લાના પરિવહન ઈજારદાર ધ્વારા કરવાની રહેશે. નિગમ ધ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ ના પરિવહન ઈજારા માટે ટેન્ડર ભરવા ઈચ્છુક પાર્ટીઓ આ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

૩: **ઈજારાની મુદત :**

**૩:૧** ઈજારાની મુદત કામગીરી સુપ્રત કર્યાની તારીખથી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયની રહેશે.

**૩:૨** નિયત કરેલી ઈજારાની મુદતમાં જરુર જણાયે કોર્પોરેશન કોન્ટ્રાકટરને લેખિત જાણ કરી વધુમાં વધુ ત્રણ માસનો વધારો કરી શકશે, જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

**૩:૩** ઈજારાની મુદત પુરી થાય તે પહેલાં કોર્પોરેશન કોઈપણ કારણસર લેખિત નોટીસ આપી ઈજારો રદ કરી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક કોન્ટ્રાકટરને રહેશે નહીં.

૩:૪ નિયત કરેલી ઈજારાની મુદત પુરી થવાના ત્રણ માસ અગાઉ જો કોન્ટ્રાકટર ચાલુ ભાવથી વધુ એક વર્ષ કામ કરવા ઈચ્છા દર્શાવે અને કોર્પોરેશનને તે યોગ્ય જણાશે તો ઈજારાની મુદ ત વધુ એક વર્ષ લંબાવી શકાશે. આ મુદત લંબાવવી કે કેમ? તે અંગેનો હકક કોર્પોરેશનને અબાધિત રહેશે અને તે અંગેનો કોર્પોરેશનનો નિર્ણય આખરી ગણાશે. પરંતુ ટેન્ડર નોટીસ બહાર પડી ગયા બાદ આવેલ માંગણી માન્ય રાખવામાં આવશે નહિં.

૪: **સીકયોરીટી ડીપોઝીટ :**

૪:૧ ઈજારો મંજુર થયાની લેખિત જાણ કર્યાની તારીખથી ૭ (સાત) દિવસમાં જે તે જિલ્લા માટે પરિશિષ્ટ– ૨ મુજબ અનામતની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે કોર્પોરેશનની કચેરી ખાતે જમા કરાવવાની રહેશે. આવી અનામતની રકમ જે તે જિલ્લા કચેરી ખાતે ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર ધ્વારા જમા કરાવવાની રહેશે.

૭ (સાત) દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા સાત દિવસ સુધી પ્રતિદિન રુા.૨,૦૦૦/- (રુપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવશે, આ જોગવાઈનો લાભ ટેન્ડરરને કરારખત કરવા માટે આપેલ સમયમર્યાદા ઉપરાંત ૭ (સાત) દિવસ સુધી જ મળવાપાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહી. આ રીતે આપેલ સમયમર્યાદામાં જરુરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહીં કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે. અને તેના ખર્ચે અને જોખમે કામગીરી કરવામાં આવશે.

૪:૨ આ ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પુરી થયા બાદ કોન્ટ્રાકટરના હિસાબનું ઓડીટ થયા બાદ પરત કરવામાં આવશે. આ માટે નિગમ માંગે તે પ્રકારે અને તે નમુનામાં એટલે કે નિગમે નકકી કરેલ અને નોટોરાઈઝડ કરાવેલ ઈન્ડેમનીટી બોન્ડ ભરી આપ્યા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે અને તે સામે કોન્ટ્રાકટર કોઈ વાંધો લઈ શકશે નહીં.

૪:૩ દર વર્ષે અલગ ડીપોઝીટ જમા કરાવવાની રહેશે, અગાઉના વર્ષની જમા ડીપોઝીટ નવા ઈજારા સામે ગણવામાં આવશે નહીં. કોન્ટ્રાકટરના જો કોઈપણ જિલ્લાનાં કોઈ બીલો બાકી હોય તો તે ડીપોઝીટ રુપે ગણવાની માંગણી માન્ય રાખવામાં આવશે નહીં.

૫: **કરારનામું :**

**૫:૧** જે ટેન્ડરરના ભાવો માન્ય રાખવામાં આવે તેમણે ઈજારા મંજુર થયાની જાણ થયેથી દિન-૭ માં આ સાથે બીડેલા નમુના મુજબનો કરાર જરુરી સ્ટેમ્પ પેપર ઉપર કરી આપવાનો રહેશે. કરાર સંબંધિત જે તે જીલ્લા માટે જીલ્લા મેનેજરશ્રી(ગ્રેડ–૧) અને જીલ્લા પુરવઠા અધિકારીશ્રી/ સીટી મેનેજરશ્રી સાથે કરવાનો રહેશે.

૫:૨ આ કરાર માટે થતી સ્ટેમ્પ ડયુટીનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે અને સ્ટેમ્પ ડયુટી અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે.

**૫:૩** ઈજારો મંજુર થયા બાદ સીકયોરીટી ડીપોઝીટની રકમ જમા કરાવી કરારનામું નિયત સમય મર્યાદામાં કરવામાં નિષ્ફળ જાય તો ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. આવા ટેન્ડરરોને ભવિષ્યની કામગીરી માટે લાયક ગણવામાં આવશે નહીં. આ સંજોગોમાં અન્ય રીતે, અન્ય પાસે પરિવહનની કામગીરી કરાવતા નિગમને જે નાણાંકીય નુકશાન થશે તે નિષ્ફળ જનાર ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે.

૬:   **કામગીરીની વિગતો :**

૬.૧ રેલ્વેસ્ટેશનથી પરિવહન એટલે કે રેલ્વે મારફત આવતી અનાજ,ખાંડ,કઠોળ–દાળ,ખાદ્યતેલ તેમજ અન્ય ચીજ વસ્તુઓની કોર્પોરેશનના અધિકૃત અધિકારીની સૂચના મુજબ સ્થાનિક ગોડાઉનો પર અગર તો તેઓ જણાવે તે સ્થળે લાવવા અગર લઈ જવાની કામગીરી ગણાશે. રેલ્વે મારફત આવતી ચીજવસ્તુઓ માટે વોરફેજ તથા ડેમરેજ અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૬.૨ જીલ્લામાં આવેલ કે જીલ્લા બહાર આવેલ કોર્પોરેશન હસ્તકના ગોડાઉનો, એફ.સી.આઈ.ના ગોડાઉનો, ખરીદ કેન્દ્રો, બંદરો,ફલોર મીલો, ઓઈલ મીલો અગર તો કોર્પોરેશનના અધિકૃત અધિકારી જણાવે તે સ્થળેથી અનાજ,ખાંડ,કઠોળ–દાળ,ખાદ્યતેલ તેમજ અન્ય ચીજ વસ્તુઓ લાવવા અગર લઈ જવા ની કામગીરી.

૬.૩ ઈજારદાર ધ્વારા કોઈપણ પ્રકારનો જથ્થો વાહન (ટ્રકમાં) ચઢાવતી કે ઉતારતી વખતે કોઈપણ પ્રકારના વોર્નર ચાર્જીસ ચુકવવાના થાય તો તેની જવાબદારી નિગમની રહેશે નહી. ઈજારદાર ધ્વારા કોઈપણ પ્રકારનો જથ્થો રવાનગી કરતી વખતે વાહન (ટ્રક) ને તાડપત્રથી સંપૂર્ણ રીતે બાંધી(કવર) કરી સીલીંગ કરાવીને જ એક સ્થળેથી બીજે સ્થળે રવાનગી કરવાની રહેશે.

૬.૪ પરિવહન કામગીરી માટે કોર્પોરેશનના અધિકૃત અધિકારી /કર્મચારીની સૂચનાઓ જે મૌખિક અગર તો લેખિત હોય તો તે આખરી ગણાશે અને રોજે રોજનો પરિવહન કામગીરીનો કાર્યક્રમ આપવામા આવે તે મુજબ વાહનો અને જરુરીયાત મુજબના મજૂરોની વ્યવસ્થા કરવાનીરહેશે. હેન્ડલીંગ અને પરિવહનની કામગીરી માટે ટેન્ડરમાં દર્શાવેલા ટેન્ડરરની માલિકીના વાહનોનો ઉપયોગ કરવાનો રહેશે. માલિકીના વાહનો ઉપરાંત કોર્પોરેશનની જરુરીયાત મુજબના વધારાના વાહનો પુરાં પાડવાના રહેશે.

૬.૫ ઈજારદારે નિગમની પરિવહન કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવતા તમામ વાહનો પર તેમના પોતાના ખર્ચે જીપીએસ સીસ્ટમ (Global Positioning System) લગાવવાની રહેશે જેમાં ડીવાઈસ ખરીદી અને તેનાં નિભાવ ખર્ચ સહિતની તમામ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

વર્ષ ૨૦૧૭–૧૮ માટે પરિવહન ઈજારા સુપ્રત કર્યા તારીખ ૧/૪/૨૦૧૭ થી તેની અમલવારી કરવાની રહેશે અને જો ટ્રાન્સપોર્ટ કોન્ટાકટર ધ્વારા પરિવહનમાં લેવાતી કોઈપણ ટ્રકમાં જો જીપીએસ સીસ્ટમ લગાવેલ ન હોય પ્રતિ દિન, પ્રતિ ટ્રક રુા.૫૦૦/–નો દંડ ઈજારદારશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે.

૬.૬ કોન્ટ્રાકટરે તેમને સુપ્રત કરવામાં આવેલી કામગીરી નિયત સમયમર્યાદામાં પૂરી કરવાની રહેશે.તેમાં કસૂર થયે કોર્પોરેશન કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે જરુર પડે વધુ ભાવો ચુકવીને પણ કામગીરી પૂરી કરાવશે અને તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જે વધારાનો ખર્ચ થાય તે કોન્ટ્રાકટર પાસેથી કોર્પોરેશન વસુલ કરી શકશે.

૬.૭ કોર્પોરેશનના અધિકૃત અધિકારી જણાવે તે મુજબના વાહનો રોજેરોજ પૂરા પાડવાના રહેશે. તેમાં કસુર થયે કોર્પોરેશન તેને થયેલું નુકશાન કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરી શકશે.

૬.૮ કરારનામું થયેથી કામગીરીની વિગતો અધિકૃત અધિકારી/કર્મચારી પાસેથી મેળવી તેઓની સુચના મુજબ કામગીરી શરુ કરવાની રહેશે.

૬.૯ કોન્ટ્રાકટર આ કરાર અન્વયે અનાજ, ખાંડ ,કઠોળ –દાળ, ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓની પરિવહન માટે કામગીરીનો સ્વતંત્ર અધિકાર (EXCLUSIVE RIGHT) ઉભો કરશે નહી. કોર્પોરેશન ઉપરોકત અનાજ, ખાંડ,કઠોળ–દાળ ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓને લગતો કોઈપણ કરાર પરિવહનની કામગીરી સાથે આપવાનો હકક અબાધિત રાખે છે.

૬.૧૦ ઉપરોકત અનાજ,ખાંડ કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓ તથા નિગમ ધ્વારા હાથ ધરાતી કે હવે પછી હાથ ધરવામાં આવે તેવી તમામ પ્રવૃત્તિઓને લગતી પરિવહનની કામગીરી બાબતે જે તે એજન્સી સાથે પરિવહન કામગીરી સાથે અથવા તે વિના ઈજારો આપવો તે નિગમનો અબાધિતઅધિકાર રહેશે. પરિવહન ઈજારદારને કામગીરી સોંપવી કે નહી અને જો સોંપવી તો કેટલા સમય અને કેટલા જથ્થા માટે સોંપવી તે તમામ બાબતો નિગમની જરુરીયાત અને મનસુફી પ્રમાણે નકકી કરવામાં આવશે. નિગમનો તે બાબતનો નિર્ણય પરિવહન ઈજારદારને બંધનકર્તા રહેશે. જો સદરહું પરિવહન કામગીરી સોંપવામાં ન આવે તો તે બાબતે ઈજારદારનો કોઈ અધિકાર કે દાવો રહેશે નહી.

૬.૧૧ પ્રોકયોરમેન્ટથી આવક થયેલ જથ્થાના જીલ્લા અંદર પરિવહન માટે જે તે જીલ્લાના ઈજારદારે કામગીરી કરવાની રહેશે અને જયારે પ્રોકયોરમેન્ટમાં આવક થયેલ જથ્થો એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં પરિવહન કરવાનો થાય તેવા કિસ્સામાં બંન્ને જીલ્લા પૈકી જેનાં પરિવહન દર ઓછા હશે તે ઈજારદારે કામગીરી કરવાની રહેશે.

૬.૧૨ જે તે જિલ્લાના પરિવહન ઈજારદારશ્રીને અન્ય જિલ્લાની પરિવહનની કામગીરી સોંપવામાં આવે તો આ કામગીરી તેઓએ કરવાની રહેશે.

**૭: <u>અં ત ર :</u>**

૭:૧ કોઈપણ બે સ્થળો વચ્ચે થયેલા પરિવહનના સ્થળો વચ્ચેનું ટુંકામાં ટુકું અંતર કોર્પોરેશન નકકી કરે તે કોન્ટ્રાકટરે માન્ય રાખવાનું રહેશે અને આ અંતર વહન કરેલા જથ્થાના પરિવહનનું બીલ ચૂકવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે. માન્ય અંતરોની માહીતી માંગવામાં આવ્યેથી પૂરી પાડવામાં આવશે.

**૮: <u>ઘ ટ :</u>**

૮:૧ કોન્ટ્રાકટરને પરિવહન માટે સોંપવામાં આવેલ અનાજ,ખાંડ, બરછટ અનાજ, કઠોળ–દાળના જથ્થાના કિસ્સામાં તેમજ ખાદ્યતેલ ભરેલા બેરલ, ટીન તથા પાઉચના પરિવહનના કિસ્સામાં કે કરારમાં સમાવેશ થતી કોઈ પણ ચીજવસ્તુના પરિવહનના કિસ્સામાં કોઈપણ પ્રકારની ઘટ મજરે આપવામાં આવશે નહીં.

૮:૨ ઘટ ટ્રકવાર ગણવામાં આવશે પરંતુ ટ્રકમાં વધ આવશે તો તે અન્ય ટ્રકની ઘટ સામે મજરે આપવામાં આવશે નહીં તથા આ વધની સંપૂર્ણ માલિકી નિગમની રહેશે.

૮:૩ પરિવહન ઘટ ટ્રકવાર ગણવામાં આવશે. એકી સાથે સંખ્યાબંધ ટ્રકોની ઘટ ભેગી આપવામાં આવશે નહીં. જો પરિવહન ઘટ આવશે તો કોઈપણ કારણોસર આવેલી પરિવહન ઘટની કિંમત પ્રવર્તમાન લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થાના કિસ્સામાં જે તે વર્ષના લઘુત્તમ ટેકાના ભાવથી દોઢ ગણા ભાવે કોર્પોરેશન કરી શકશે. સરકારશ્રીની અન્ય યોજના માટે પરિવહન થયેલ અનાજ/ અન્ય ચીજવસ્તુઓના જથ્થાના કિસ્સામાં આવેલ ઘટની વસુલાત જે તે વર્ષના લઘુત્તમ ટેકાના ભાવથી દોઢ ગણા ભાવે વસુલાત કરવામાં આવશે. જે કિસ્સામાં પરિવહન કરવામાં આવેલ કોઈપણ વસ્તુના જથ્થાનો લઘુત્તમ ટેકાનો ભાવ નકકી થયેલ ન હોય તે કિસ્સામાં વધુ જણાયેલ પરિવહન ઘટની વસુલાત પડતર ભાવથી દોઢ ગણા ભાવે વસુલાત કરવામાં આવશે. આ જોગવાઈનો અમલ ટ્રક ગુમ થવાના કિસ્સામાં તેમજ આખી ટ્રક અથવા ટ્રકમાં સુપ્રત કરવામાં આવેલ જથ્થામાંના કોઈપણ ભાગનો સમાવેશ કરતા કિસ્સામાં પણ કરવામાં આવશે. વધારાના જથ્થાની સંપૂર્ણ માલિકી કોર્પોરેશનની ગણાશે.

## ૯ <u>**પરિવહનના બીલો :**</u>

૯:૧ કોન્ટ્રાકટરે તેમણે કરેલ હેન્ડલીંગપરિવહન કામગીરીનું બીલ રીલીઝ ઓર્ડર દીઠ (સ્કીમ દીઠ) અને જન્સી (કોમોડીટી) દીઠ અલગ અલગ રીલીઝ ઓર્ડર પૂરો થયા બાદ દિન સાતમાં સંબધિત જિલ્લા કચેરી ખાતે રજૂ કરવાનું રહેશે. બીલ રજુ થયેથી પ્રાથમિક ચકાસણી કરી પુરેપુરી બીલની ચુકવણી કરવાની રહેશે. જો તેમ શકય ન હોય તો ૭૫ % પ્રમાણે ચુકવણી કરવાની રહેશે અને આખરી ચુકવણી બીલ રજુ થયાની તારીખથી એક માસમાં પુરી થઈ જાય તે રીતે બીલની ચુકવણી કરવાની રહેશે.

૯:૨ પરિવહન બીલની ચુકવણી નિગમને ખરેખર મળેલ નેટ વજન માટે કરવામાં આવશે, પરંતુ અનાજ, કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજ વસ્તુઓ માટે બારદાનનું વજન ગણતરીમાં લેવામાં આવશે નહીં એટલે કે અનાજ, કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજ વસ્તુઓના પરિવહનનું બીલ નેટ વજન ઉપર ચૂકવવામાં આવશે. આ ચૂકવણું કરતી વખતે આવકવેરા તથા અન્ય કાયદા હેઠળ કરવાની થતી કપાત કરીને ચુકવણું કરવામાં આવશે.

૯:૩ કી.મી.ના સ્લેબના જેટલા કી.મી. જથ્થો લઈ જવામાં આવ્યો હોય તે કી.મી. આવરી લેતા સ્લેબના દર પ્રમાણે ચુકવણી કરવામાં આવશે, એટલે કે જો ૧૦૦ કી.મી. જથ્થો વહન કરવામાં આવ્યો હોય તો ૦ કી.મી. થી ૧૦૦ કી.મી.ના સ્લેબ માટે મંજુર થયેલા ભાવે જ ચુકવવામાં આવશે. અગાઉના ૦ થી ૧૦ કી.મી., ૦ થી ૨૫ કી.મી. અને ૦ થી ૫૦ કી.મી.ના સ્લેબના ભાવો પ્રયાનમાં લેવામાં આવશે નહીં. પરિવહન કામગીરીનું ચુકવણું મંજુર થયેલ દર મુજબ પ્રતિ ટન પ્રતિ કી.મી. મુજબના આધારે કરવામાં આવશે.

૯:૪ કોન્ટ્રાકટમાં સમાવેશ કરાયેલ દરો અંગે બજારભાવ કે સ્પેરપાટર્સ કે અન્ય બીજા ભાવો અથવા સ્થાનિક સંસ્થા રાજય કે કેન્દ્ર સરકારના કરવેરા, કોન્ટ્રાકટની મુદત દરમ્યાન વધે તો તે કારણોસર ભાવ વધારો આપવા માટેની માંગણી કરીશું નહિં તેમજ નિગમ આવી માંગણી ગ્રાહય રાખશે નહિં. વધુમાં આ બાબતનું નિગમે ચકવણું કરવું પડશે તો આ વસુલાત ઈજારદાર પાસેથી તેમને કરવામાં આવતાં ચુકવણામાંથી વસુલ કરી શકશે આ બાબત માટે કોઈ ભાવ વધારો ચુકવવામાં આવશે નહિ અને આ કારણે કામગીરી ન કરવામાં આવે તો અથવા કામગીરીમાં વિક્ષેપ ઉભો કરવામાં આવે તો કોર્પોરેશન ઈજારદારના ખર્ચે અને જોખમે પરિવહનની કામગીરી કરાવી શકશે.

૯:૫ ઈજારદારે કરપાત્ર સેવા એટલે કે, ટ્રાન્સપોર્ટેશનની સેવા પુરી પાડવા માટે વપરાશમાં લેવાયેલ ઈન્પુટ કે કેપીટલ ગુડઝ પર સેન્વેટ ક્રેડીટ રૂલ્સ ૨૦૦૪ અંતર્ગત સેન્વેટ ક્રેડીટનો લાભ લીધો નથી. તથા ઈજારાના સમયગાળા દરમ્યાન સદર લાભ લેવામાં આવશે નહિં તે અંગે બાહેંધરી કરારખત કરતી વખતે આપવાની રહેશે. અને સમયાંતરે પણ નિગમ માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

૯.૬ વાહનને લગતો કોઈપણ ટેક્ષ ,ચાર્જીસ કે ડયુટી ઈજારદારે ભરવાની થશે તેમજ રોડ રીસ્ક ઈન્સ્યુરન્સ અને ટ્રાન્જીસ્ટ ઈન્યુરન્સ ઈજારદારે લેવાના રહેશ.

૯.૭ નિગમ ધ્વારા પરિવહન ખર્ચ ઉપર ભરવાપાત્ર થતો સર્વિસ ટેક્ષ ઈજારદારના બિલોમાંથી કપાત કરી વસુલ કરવામાં આવશે.

## ૧૦: વિવાદ :

૧૦.૧ આ કરારની કોઈ શરતના અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો તે નિગમના મેનેજીગ ડીરેકટરશ્રી નો નિર્ણય આખરી ગણવાનો રહેશે. જે પરિવહન ઈજારદારે કબુલ મંજુર રાખવાનું રહેશે.

૧૦.૨ ઈજારદાર દવારા નિગમ સાથે છેંતરપીંડી કર્યાનું માલુમ પડશે તો,તેને કારણે નિગમને જે કંઈપણ નાણાંકીય નુકસાન થશે તે ઈજારદારની સીકયોરીટી ડીપોઝીટ/ બાકી લ્હેણાં/ અન્ય કોઈપણ રીતે
ઈજારદાર પાસેથી નિગમ વસુલ કરી શકશે અને તે બદલ યોગ્ય દંડ પણ કરી શકશે,આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચિત જણાશે તો તે પણ નિગમ કરશે તેમજ આવા ઈજારદારને ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા પણ નિગમ કરી શકશે.

૧૦.૩ ઈજારદાર ધ્વારા કોર્પોરેશન સાથે થયેલ કરારભંગ તેમજ તેઓની બેદરકારી કે નિષ્ફળતાને કારણે તેમની સામે તમામ પ્રકારના શરત ભંગના પગલાં જેવાં કે,નાણાંકીય નુકશાનની વસુલાત, દંડ અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવા,કરાર રદ કરવો,કાળીયાદીમાં મુકવા વિગેરે કોર્પોરેશનના સીટી મેનેજરશ્રી/ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૧) લઈ શકશે. આ પૈકીના શરતભંગના પગલાં જેવાં કે, નાણાંકીય નુકશાનની વસુલાત જેવા કે લેઈટ ડીલીવરી અને દંડ વિગેરે બાબતે નિગમના સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨)પણ પગલાં લઈ શકશે.

૧૧. જિલ્લા / ગોડાઉનના પરિવહન ઈજારદારની બેદરકારી,નિષ્ફળતા કે આ કરારનામાની કોઈપણ શરતોનો ભંગ થશે તે કિસ્સામાં નીચે મુજબ દંડકીય અને અન્ય પગલા લેવામાં આવશે.

૧૧.૧ નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨), સીટી મેનેજરશ્રી અથવા નિગમના અધિકૃત અધિકારી રોજે રોજનો પરિવહન કામગીરીનો કાર્યક્રમ આપે તે કાર્યક્રમ મુજબ ટ્રકો રજૂ કરવા અને તે મુજબ રવાના કરવાની રહેશે. સામાન્ય સંજોગોમાં જો કાર્યક્રમ મુજબ ટ્રકો રવાના કરવામાં નહીં આવે તો જે જથ્થો બાકી રહેશે તે જથ્થાના પ્રથમ દિવસ માટે પ્રતિ મે.ટન રુા. ૩૦/ બીજા દિવસ અને ત્યાર પછીના દિવસો માટે પ્રતિ મે.ટન રુા.૫૦/ દંડ કરવામાં આવશે.

૧૧.૨ જયારે જથ્થો લેપ્સ જાય અને નિગમ ધ્વારા જથ્થો ઉપાડવા મુદત વધારવી પડે તો વધારાયેલ મુદતમાં પણ પ્રતિ દિન, પ્રતિ મે.ટન રુા.૭૫/ લેખે દંડ વસુલ કરવામાં આવશે.

૧૧.૩ જથ્થો લેપ્સ જાય અને મુદત વધારો કરવામાં આવે તેવા કિસ્સામાં નિગમ ધ્વારા જથ્થાની રોકાઈ રહેલ રકમ ઉપર જથ્થાનું ચૂકવણું કર્યા તારીખથી વધારાયેલ જથ્થો મળ્યા તારીખ સુધીનું૧૫ ટકા મુજબ વ્યાજ કોર્પોરેશન ઈજારદારશ્રી પાસેથી વસુલ કરી શકશે.

૧૧.૪વર્ષ દરમયાન જથ્થે ઉપાડવાની મુદત ત્રણવાર વધારવી પડે કે જેમાં તમામ કિસ્સામાંઈજારદારશ્રી જવાબદાર જણાય તો ઉપર મુજબ નિગમને થયેલ નુકશાન વ્યાજ સાથે ઈજારદારશ્રી પાસેથી વસુલ કરવા ઉપરાંત તેમની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામા આવશે.

૧૧.૫ વર્ષ દરમ્યાન જથ્થો બે વાર લેપ્સ જશે તો તેવા કિસ્સામાં ઈજારદારશ્રી જવાબદાર જણાય તો કરાર રદ કરવામાં આવશે તેમજ ભવિષ્યની કામગીરી માટે તેમને કાળીયાદીમાં મુકવામાં આવશે તેમજ તેમના ખર્ચે અને જોખમે હેન્ડલીંગ અને પરિવહનની કામગીરી કરાવી લેવામાં આવશે.

૧૧.૬.આગ,અકસ્માત,કાબુ બહારના સંજોગો કે કુદરતી આફતો જેવા કારણોસર નિગમને કોઈપણ પ્રકારનું નાણાંકીય /જથ્થાનું નુકશાન થશે તો તે જથ્થા માટેની વસુલાત જે તે વર્ષના લઘુત્તમ ટેકાના ભાવથી કરવામાં આવશે. જે કિસ્સામાંલઘુત્તમ ટેકાનો ભાવ નકકી થયેલ ન હોય તે કિસ્સામાં જથ્થાની વસુલાત પડતર ભાવે કરવામાંઆવશે.

૧૧.૭ **અપીલઃ–**

ઈજાદરારને કરવામા આવેલ શિક્ષાત્મક હુકમ સામે સંબંધિત જનરલ મેનેજરશ્રીને હુકમ થયાના ૩૦ (ત્રીસ ) દિવસ સુધીમાં અપીલ કરી શકશે. આ અપીલની સૂનાવણી જનરલ મેનેજરશ્રીઓની સમિતિ ધ્વારા કરવામાં આવશે. આ સમિતિના સભ્ય સચિવ તરીકે મેનેજર(એલટીસી) રહેશે. આ અપીલના ચુકાદા પર પૂનઃઅપીલ થઈ શકશે નહી.

**૧૨. <u>બાકી લહેણાંઃ–</u>**

૧૨.૧ કોન્ટ્રાકટર પાસેકોઈપણ કારણસર બાકી નીકળતા લહેણાં તેમના બાકી બિલો અને અનામતની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૨.૨ ઉપર ૧૨.૧ પ્રમાણે વસુલાત કરવા છતાં પણ જો કોઈરકમ બાકી રહેશે તો તે તથા તેનાં ઉપર ૧૫ ટકા લેખેનું વ્યાજ વસુલ કરવામાંઆવશે.આ વસુલાત રેવન્યુ રાહેપણ કરવામાઆવશે. આ અંગેજો કોઈ કોર્ટ કાર્યવાહી કરવાની થશે તો તે માટે કોન્ટ્રાકટર સંપૂર્ણ જવાબદાર રહેશે.

**૧૩ઃ <u>કોન્ટ્રાકટર પાસે ટ્રકો હોવાની જરુરીયાતઃ–</u>**

૧૩.૧ ટેકનીકલ બીડ સાથે આપેલ ટક નંબરની ટ્રકો કરારખતમાં દર્શાવવામાં આવશે અને આ ટ્રકો કોર્પોરેશનના કામ માટે કાયમ માટે અનામત રાખવાની રહેશે. આવા વાહનોની માલિકી તા.૦૭/૦૩/૨૦૧૭ (ટેન્ડરની ટેકનીકલ બીડ/ કોમર્સીયલ બીડની છેલ્લી તા.) કે તેથી પહેલાના સમયથી ધરાવતા હોવા જોઈએ તથા આ માલિકી હકક તેઓએ કરારના સમગ્ર સમય દરમ્યાન જાળવી રાખવાનો રહેશે,જેની લેખિત બાહેંધરી આપવાની રહેશે.

તારીખઃ–  /    /૨૦૧૭    ટેન્ડરરની સહી અને સિકકો

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

CIN:U૬૫૯૧૦GJ૧૯૮૦SGC૦૦૩૯૫૭ www.gscscl.gujarat.gov.in

જિલ્લા કચેરી............................................

ટેલીફોન નં....................ફેક્સ નં..................

**-: ૨૦૧૭–૧૮ વર્ષના ----------------- પરિવહનની કામગીરી માટેનું કરારનામું :-**

અનાજ, ખાંડ,કઠોળ–દાળ,ખાદ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓ

**લખી આપનાર :-જે ઈજારદાર / ટેન્ડરર પેઢી કે કંપની કે અન્ય વ્યકિત સિવાયની હેસિયતથી ટેન્ડર ભરેલ હોય તો તેનાં કર્તા કે વહીવટદાર જે હેસિયતથી સહી કરતાં હોય તે હેસિયતથી તેમનું પુરેપુરું નામ અને સરનામું લખવાનું રહેશે.**

**લખાવી લેનાર:-** ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લી.જિલ્લા કચેરી,જિલ્લા...................

વતી......................(જેનો ઉલ્લેખ આ કરારનામામા(**કોર્પોરેશન** તરીકે કરવામાં આવ્યો છે)

ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લી.......................જીલ્લા માટેની કામગીરી સુપ્રત કર્યાની તારીખ ............ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધી અનાજ, ખાંડ, કઠોળ–દાળ, ખાદ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓની પરિવહનની કામગીરી માટે ટેન્ડરો બહાર પાડવામાં આવતા અમોએ નીચે દર્શાવેલી શરતોએ કામ કરવાની દરખાસ્ત કરી હતી. આ ટેન્ડર માન્ય રહેતા અમો કામગીરી તે શરતોએ કરવાનું સ્વીકારીએ છીએ. ટેન્ડર નોટિસ સાથે આપવામાં આવેલા માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતો પણ અમોને બંધનકર્તા રહેશે તે સ્વીકારીએ છીએ.

**આ કામગીરીની શરતો નીચે મુજબ છે :**

**૧:** ઉપરોકત સમય દરમ્યાન અનાજ,ખાંડ,કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓની ગોડાઉન કેન્દ્ર સાથે જોડાયેલ તાલુકાની અંદર કે તાલુકા બહાર પરિવહન કરવા માટે પૂરતાં પ્રમાણમાં ડ્રાઈવર અને કલીનર સહિત કોર્પોરેશનની જરૂરિયાત મુજબની અમારી ટ્રકો પુરી પાડવા બંધાઈએ છીએ. પરિવહનની કામગીરી માટે ટેન્ડરમાં દર્શાવેલા માલિકીના વાહનોનો ઉપયોગ કરવાનો રહેશે. માલિકીના વાહનો ઉપરાંત કોર્પોરેશનની જરૂરિયાત મુજબના વધારાના વાહનો પુરા પાડવાના રહેશે જે અમો સ્વીકારીએ છીએ. પરંતુ તેને કારણે આ કરારખત હેઠળ જે જવાબદારીઓ અમારે પાર પાડવાની છે તે અંગેની સંપુર્ણ જવાબદારીઓ અમો સ્વીકારીએ છીએ અને આ કારણથી જે કંઈ નુકશાન કે દાવો ઉભો થશે તે ભરપાઈ કરવાનુંઅમો સ્વીકારીએ છીએ.

૨. ઈજારદારે નિગમની પરિવહન કામગીરી માટે ઉપયોગમાં **લેવા**માં આવતા તમામ વાહનો પર **તેમ**ના પોતાના ખર્ચે જીપી**એસ** સીસ્ટમ (Global Positioning System) લગાવવાની રહે**શે જેમાં** ડીવાઈસ ખરીદી અને તેનાં નિભાવ ખર્ચ સહિતી તમામ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. જે અમો સ્વીકારીએ છીએ.

વર્ષ ૨૦૧૭–૧૮ ના પરિવહન ઈજારા સુપ્રત કર્યા તારીખ ૧/૪/૨૦૧૭ થી તેની અમલવારી કરવાની રહેશે અને જો ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર ધ્વારા પરિવહનમાં લેવાતી કોઈપણ ટ્રકમાં જો જીપીએસ સીસ્ટમ લગાવેલ ન હોય પ્રતિ દિન પ્રતિ ટ્રક રુા.૫૦૦/ નો દંડ ઈજારદારશ્રી પાસેથી વસુલ કરવામાં આવશે.

૩. જયારે જયારે કહેવામાં આવે ત્યારે અનાજ, ખાંડ, કઠોળ–દાળ, ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓનું પરિવહન કરવા અમો બંધાઈએ છીએ. રસ્તો કાચો હોય કે પાકો પણ મોટરેબલ હોય તેવા રસ્તે ગોડાઉન કેન્દ્ર સાથે જોડાયેલ તાલુકાના અંદરના કોઈપણ સ્થળેથી કે તાલુકા બહારના કોઈપણ સ્થળએથી તાલુકાના કોઈપણ સ્થળે અને તાલુકા બહારના કોઈપણ સ્થળે અનાજ અને અન્ય ચીજવસ્તુઓનું પરિવહન અમો કરી આપીશું. કોઈપણ સ્થળમાં કોર્પોરેશનના ગોડાઉનો, એફ.સી.આઈના ગોડાઉનો, બંદર,રાઈસ મીલ, ફલોર મીલ, ઓઈલ મીલ, રેલ્વે સ્ટેશન, ખરીદ કેન્દ્ર અથવા કોર્પોરેશન જણાવે તે સ્થળોનો સમાવેશ થશે.

૪. રેલ્વે સ્ટેશનથી પરિવહન એટલે કે રેલ્વે મારફત આવતી અનાજ તથા અન્ય ચીજવસ્તુઓની કોર્પોરેશનના અધિકૃત અધિકારીની સૂચના મુજબ સ્થાનિક ગોડાઉનો પર અગર તો તેઓ જણાવે તે સ્થળે લાવવા અગર લઈ જવાની કામગીરી ગણાશે. રેલ્વે મારફત આવતી ચીજવસ્તુઓ માટે વોરફેજ તથા ડેમરેજ અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૪.૧ ઈજારદાર ધ્વારા કોઈપણ પ્રકારનો જથ્થો વાહન (ટ્રકમાં) ચઢાવતી કે ઉતારતી વખતે કોઈપણ પ્રકારના વોર્નર ચાર્જીસ ચુકવવાના થાય તો તેની જવાબદારી નિગમની રહેશે નહી. ઈજારદાર ધ્વારા કોઈપણ પ્રકારનો જથ્થો રવાનગી કરતી વખતે વાહન (ટ્રક) ને તાડપત્રથી સંપૂર્ણ રીતે બાંધી (કવર) કરી સીલીગ કરાવીને જ એક સ્થળેથી બીજે સ્થળે રવાનગી કરવાની રહેશે,જે અમો સ્વીકારીએ છીએ.

૫. જે તે જિલ્લાના પરિવહન ઈજારદારશ્રીને અન્ય જિલ્લાની પરિવહનની કામગીરી સોંપવામાં આવે તો આ કામગીરી કરી આપવાનું અમો સ્વીકારીએ છીએ.

૬. કોન્ટ્રાકટર આ કરાર અન્વયે અનાજ,ખાંડ,કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓની પરિવહન માટે કામગીરીનો સ્વતંત્ર અધિકાર (EXCLUSIVE RIGHT) ઉભો કરશે નહી. કોર્પોરેશન ઉપરોકત અનાજ અને અન્ય ચીજવસ્તુઓનેલગતો કોઈપણ કરાર પરિવહનની કામગીરી સાથે આપવાના હકક અબાધિત રાખે છે,જે અમો સ્વીકારીએ છીએ.

૭.૧ ઉપરોકત અનાજ,ખાંડ,કઠોળ–દાળ,ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓનું તથા નિગમ ધ્વારા હાથ ધરાતી કે હવે પછી હાથ ધરવામા આવે તેવી તમામ પ્રવૃત્તિઓને લગતી પરિવહનની કામગીરી બાબતે જે તે એજન્સી સાથે પરિવહન કામગીરી સાથે અથવા તે વિના ઈજારો આપવો તે નિગમનો અબાધિત અધિકાર રહેશે. પરિવહન ઈજારદારોને કામગીરી સોંપવી કે નહી અને જો સોંપવી તો કેટલા સમય અને કેટલા જથ્થા માટે સોંપવી તે તમામ બાબતો નિગમની જરુરીયાત અને મનસૂફી પ્રમાણે નકકી કરવામાં આવશે. નિગમનો તે બાબતનો નિર્ણય પરિવહન ઈજારદારને બંધનકર્તા રહેશે. જો સદરહું કામગીરી સોંપવામાં ન આવે તો તે બાબતે ઈજારદારનો કોઈ અધિકાર કે દાવો રહેશે નહી. જે અમો સ્વીકારીએ છીએ.

૭.૨ પ્રોકયોરમેન્ટથી આવક થયેલ જથ્થાના તાલુકાના અંદર પરિવહન માટે જે તે જિલ્લાના ઈજારદારે કામગીરી કરવાનો રહેશે અને જયારે પ્રોકયોરમેન્ટમાં આવક થયેલ જથ્થો એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં પરિવહન કરવાનો થાય તેવા કિસ્સામાં બંને જિલ્લા પૈકી જેનાં પરિવહન દર ઓછા હશે તે ઈજારદારે કામગીરી કરવાની રહેશે. નિગમનો આ બાબતનો નિણય અમોને બંધનકર્તા રહેશે.

૮. કોર્પોરેશને આ કામગીરી માટે નીચે મુજબના પરિવહનના ભાવો મંજૂર કર્યા છે તે ભાવે પરિવહનની કામગીરી કરવાનું અમો સ્વીકારીએ છીએ.

**<u>પરિવહનના દર ::</u>**

નીચે જણાવેલ ભાવો મુજબ ભારતીય ખાધ્ય નિગમના કોઈપણ ડેપોથી ફાળવણી કરાયેલ અનાજ તેમજ અન્ય ચીજવસ્તુઓના જથ્થા તથા ભારતીય ખાધ્ય નિગમ સિવાય ગુજરાત રાજયમાં આવેલ કોઈપણ સ્થળેથી એટલે કે, કોર્પોરેશન હસ્તક કે સિવાયના ગોદામો,બંદરો,રાઈસ મીલ,ફલોર મીલ,ખાંડ મીલ, ઓઈલ મીલ, દાળ મીલ કે તેનાં ગોડાઉનો,ખાધ્યતેલ સપ્લાયરોના પ્લાન્ટ કે તેનાં ગોડાઉનો,કઠોળ–દાળ સપ્લાયરોના મીલ / પ્લાન્ટ કે તેનાં ગોડાઉનો ,રેલ્વે સ્ટેશન અને ખરીદ કેન્દ્રો અથવા કોર્પોરેશન જણાવે તે સ્થળોએથી અનાજ,ખાંડ,કઠોળ,દાળ–ખાધ્યતેલ તેમજ અન્ય ચીજવસ્તુઓની લાવવા અગર લઈ જવાની પરિવહનની કામગીરી કરી આપવા બંધાઈએ છીએ.

